ક્રમાંક : ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/ ૨૧૫૩૩-૫૬૮

કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડૉ.જે.એમ.ભવન,
ગુ.રા.,ગાંધીનગર
તા.૨૩/૧૧/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય:- રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સમય નિયત કરવા બાબત.

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક તા.૫/૬/૨૦૨૦
(૨) કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક: ઘ/ માધ્ય/ પરચ/ ૨૦૨૦/ ૧૦૦૪૨-૭૫ તા.૬/૬/૨૦૨૦
(૩) કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક: ઘ/ માધ્ય/ પરચ/ ૨૦૨૦/ ૧૧૧૫૫૦-૫૮૬ તા.૨/૭/૨૦૨૦
(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૨૦/૮૭૪/છ તા.૧૮/૧૧/૨૦
(૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૨૦/૮૭૪/છ તા.૨૧/૧૧/૨૦

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ-૧માં જણાવેલ શિક્ષણ વિભાગના ઠરાવમાં આપેલ સૂચનાઓનો સંપૂર્ણપણે અમલ થાય તે મુજબની કામગીરી કરી શકાય તેમજ હાલ વિદ્યાર્થીઓ શાળાએ ન આવતા હોઈ રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમય ૭:૩૦ થી ૧૨:૦૦ કલાક સુધીનો રાખવા અંગે સૂચનાઓ આપવામાં આવેલ છે.

હાલમાં કોરોના મહામારી(COVID-19)ના કારણે સમગ્ર રાજ્યમાં સંદર્ભદર્શિત ઠરાવ-૫ થી શાળા-બંધ રાખવાની સૂચનાઓ આપવામાં આવેલ છે. આથી શાળાઓ વિધિવત શરૂ કરવા અંગે સરકારશ્રીના આદેશ ન થઈ આવે ત્યાં સુધી આપના જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમય સવારે ૭:૩૦ થી ૧૨:૦૦ કલાક સુધીનો રાખવા આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા/પરિપત્ર કરવા આથી જણાવવામાં આવે છે.

(સહી)
(એચ.એન.ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર

નકલ રવાના:-

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

જા.નં. મા-૩/અમલ/૨૦૨૦
તા. ૨૪/૧૧/૨૦૨૦

નકલ રવાના જાણ તથા અમલ કરવા સારુ.

ઉપરોક્ત સંદર્ભ પત્ર અન્વયે નિયમાનુસાર અમલ કરવા સારુ.

પ્રતિ,
આચાર્યશ્રી, સુરત શહેર/જિલ્લાની તમામ ગ્રાન્ટેડ/સરકારી શાળાઓ તરફ

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

Scanned with CamScanner